# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/ક્વા-૩/૧૯-૨૦/૯૭૬-૪૬** **તા. ૧૪.૦૨.૨૦૨૦**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૬/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: શ્રી સાપકડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ગામ–સાપકડા **સબડીવીઝન**: હળવદ શહેર

રજૂઆત કરનાર: **અરજદાર દેવજીભાઈ ડાભી(પ્રમુખ) અને કાળોતરા પ્રભુભાઈ દેવાભાઈ(મંત્રી) હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – હળવદ

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એ.આર.કોરડીયા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – હળવદ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓની દુધ સહકારી મંડળીમાં કુલર લીધેલ હોય – જેના માટે અલગ ટ્રાન્સફોર્મર અને જોડાણ ની માંગણી કરેલ છે. જે અન્વયે રૂ.૨૭,૩૭૮/– હળવદ પેટા વિભાગીય કચેરીમાં ભરપાઈ કરેલ છે. તેમ છતા, સદર વીજજોડાણ હૈયાત ટ્રાન્સફોર્મર ને ઉતારી અને મોટુ ટ્રાન્સફોર્મર મુકીને નવુ વીજજોડાણ આપેલ છે, જેથી – સદર ટ્રાન્સફોર્મરમાં અન્ય વીજજોડાણ પણ આવેલ હોવાથી તેઓનુ કુલર ઉપડતુ ન હોય – અરજદારે અલગથી ટ્રાન્સફોર્મર આપવા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- હળવદ વિભાગીય કચેરીના હળવદ શહેર પેટા-વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા NRGP વીજ કનેક્શન ગ્રાહક નંબર ૨૫૪૦૨/૦૧૩૩૨/૨ ગામ:-સાપકડા,હયાત લોડ ૧૨ KW વીજ જોડાણ ચાલુ કર્યા તારીખ: ૨૭.૧૨.૨૦૧૬ છે.સદર વીજ જોડાણ જે-તે સમયે અલગ ટીસી તથા ૧૫૦ મીટર એલ.ટી લાઈન ઉભી કરીને વીજ જોડાણ આપવામાં આવેલ હતું. ત્યારબાદ સદર ટી.સી.માં આજુબાજુમા નવા કનેક્શનો આવતા ટી.સી. મોટું કરી સદર ટી.સી.ને ઓગમેન્ટ કરીને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

૩.૧ સદર ગ્રાહકની અપૂરતા પાવર તેમજ અલગ ટી.સી. આપવા બાબતની ફોરમ ને કરેલ અરજી અન્વયે તારીખ.૦૬.૦૧.૨૦૨૦ ના રોજ સાપકડા મુકામે તેઓના વીજ પ્રસ્થાપનની સ્થળ તપાસ નાયબ ઇજનેર,પેટા-વિભાગીય કચેરી હળવદ શહેર દ્વારા કરતા તેઓના પ્રતિનીધી પ્રભુભાઈ દેવાભાઈ હાજર હતા.અને તેઓએ જણાવેલ કે આ ટી.સી.માં આવેલ વેલ્ડીંગ વાળાનું જયારે વેલ્ડીંગ કામ ચાલુ થાય ત્યારે તેઓની ડેરીમાં લાગેલ કુલરમાં વીજ વીક્ષેપ્ આવે છે.પરતું નાયબ ઇજનેર દ્વારા તેઓના પ્રતિનીધીની હાજરીમાં આશરે અડધો કલાક સુધી વેલ્ડીંગ વર્કસવાળાનો લોડ જેવા કે વેલ્ડીંગ મશીન વિગેરે બધો લોડ ચાલુ કરાવીને તેઓના ડેરીના વીજ જોડાણમાં કોઈ જાતનો વીજ વીક્ષેપ્ જણાયેલ નથી અને તેઓના વીજ સ્થાપનના ત્રણેય ફેઝના વોલ્ટેજ અનુક્રમે ૨૪૦,૨૪૨,૨૪૧ જોવા મળેલ છે.

વિશેષમાં સદર અરજી બાબતે જણાવેલ કે જે-તે સમયે તેઓએ વીજ જોડાણ લીધેલ ત્યારે તેઓનું એક જ વીજ જોડાણ સદર ટી.સી.માં હતું. ત્યારબાદ ધીમેધીમે આજુબાજુમાં ઘરવપરાશ તેમજ અન્ય કેટેગરીના વીજ જોડાણો આપેલ હોય અને સદર ટીસી નીયમ અનુસાર ટી.સી. ઓગમેન્ટ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ **અરજદાર** શ્રી સાપકડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ગામ–સાપકડા, **તેઓની અરજીના નોંધણી નં: ૪૬/ક્વા-૩/૧૯-૨૦, માં** અપૂરતા પાવર તેમજ અલગ ટી.સી. આપવા બાબતની ફોરમ ને કરેલ અરજી અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે સદર NRGP વીજ કનેક્શન ગ્રાહક નંબર ૨૫૪૦૨/૦૧૩૩૨/૨ ગામ:-સાપકડા,હયાત લોડ ૧૨ KW વીજ જોડાણ તારીખ: ૨૭.૧૨.૨૦૧૬ ના રોજ ચાલુ કરેલ ત્યારે અલગ ટીસી તથા ૧૫૦ મીટર એલ.ટી લાઈન ઉભી કરીને વીજ જોડાણ આપવામાં આવેલ હતું. ત્યારબાદ ધીમેધીમે આજુબાજુમાં ઘરવપરાશ તેમજ અન્ય કેટેગરીના વીજ જોડાણો સદર ટી.સી. માંથી નીયમ અનુસાર ઓગમેન્ટ કરી આપવામાં આવેલ છે.

૪.૨ ઉપરોક્ત પેરા નં. ૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તારીખ.૦૬.૦૧.૨૦૨૦ ના રોજ સાપકડા મુકામે અરજદારની હાજરીમાં સદર વીજ પ્રસ્થાપનની સ્થળ તપાસ મુજબ વીજ સ્થાપનના ત્રણેય ફેઝના વોલ્ટેજ અનુક્રમે ૨૪૦,૨૪૨,૨૪૧ જોવા મળેલ છે.

૪.3 સદર કેઈસની સુનાવણી દરમ્યાન અરજદારની મૌખિક રજૂઆત મુજબ દુધની ગુણવત્તા માટે લેબોરેટરીના ના સાધનોમાં તેમજ કુલીંગ માટેના મશીનમાં વોલ્ટેજ વધઘટ ને લીધે વારંવાર ખરાબ થઇ જાય છે જેથી સદર દૂધ મંડળીને આર્થિક નુકશાની થતી હોય અલગ ટ્રાન્સફોર્મર માંથી વીજ જોડાણ આપવાની રજૂઆત ફોરમ કમિટી ને યોગ્ય જણાતા અરજદારની જગ્યા ની આગળના ભાગમાં તેઓના આવન-જાવન ગેઇટ માં નડતરરૂપ ન થાય તે રીતે અરજદારની હાજરીમાં સર્વે કરીને વીજ માળખાકીય સુધારણા (S.I.) યોજના અંતર્ગત યોગ્ય કેપેસીટીનું અલગ વીજ ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવા માટેની સદર કામગીરી દિવસ-૬૦ માં પૂર્ણ કરીને વિગતવાર અહેવાલ અત્રેના ફોરમ ને રજુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.3 મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’ ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.